# અંતરશુદ્ધિનાં સોપાન

## શ્રીગુરુમાઈ દ્વારા લિખિત પુસ્તકમાંથી

## ઉદ્ધરણ ૨૯

આ હંમેશાં યાદ રાખો : આરંભમાં પ્રેમ; મધ્યમાં સદ્ગુણ; અને અંતમાં ફરી પ્રેમ. કંઈ પણ થઈ રહ્યું હોય, દષ્ટિમાં પ્રેમ રાખો. તે જ પરમ લક્ષ્ય છે. તમે લડી રહ્યાં હો કે ખૂબ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યાં હો, તમે કષ્ટમાં હો, કઠિન આર્થિક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યાં હો, કોઈ સંબંધનો વિચ્છેદ થઈ રહ્યો હોય, તમારા વ્યવસાયમાં સંઘર્ષ કરી રહ્યાં હો — વસ્તુ ગમે તેટલી મુશ્કેલ હોય, દષ્ટિમાં પ્રેમ રાખો. આરંભમાં પ્રેમ અને અંતમાં પ્રેમ. જ્યાં પણ તમારી દષ્ટિ જાય, જે પણ વસ્તુનો તમે સ્પર્શ કરો, તેમાં તમારા ભગવત્પ્રેમને ચમકવા દો. પ્રેમને તમારી દષ્ટિથી ક્યારેય ઓઝલ થવા દેશો નહીં. જો તમે તમારાં સંપૂર્ણ હૃદયક્ષેત્રમાં, તમારાં સંપૂર્ણ મસ્તિષ્કમાં, પોતાની સંપૂર્ણ સત્તામાં પ્રેમની અનુભૂતિ ન પણ કરતાં હો, તો એક નાનકડું સ્થાન, પોતાની સત્તાનું માત્ર એક નાનકડું સ્થાન એવું રહેવા દો જે પ્રેમથી ધબકતું હોય. તેને ક્યારેય લુપ્ત ન થવા દેતા. તેને ક્યારેય ઢાંકતા નહીં, અથવા બળપૂર્વક રૂંધતા નહીં. હંમેશાં તેના સંપર્કમાં રહો. તેને તમારી આંખોમાં સમાયેલું રહેવા દો.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *અંતરશુદ્ધિનાં સોપાન : દિવ્ય સદ્ગુણોનો યોગ*, ‘અંતમાં પ્રેમ’માંથી (ચિત્શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૧૬૪.